શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫
અંક : ૬

## કેદારનાથમાં કુદરતનો પ્રકોપ

આ વખતે હવામાન વિભાગે ચોમાસું એકાદ પખવાડિયું વહેલું આવશે એવી આગાહી કરી હતી પણ ભારતમાં હવામાન ખાતાની આગાહી લોકોએ ગણકારી નહિ. સૌરાષ્ટ્ર અને ભારતના ઘણા વિસ્તારોમાં જાનહાનિ અને સંપતિ નાશના સમાચાર સાંભળવા મળ્યા.

કેદારનાથના સમાચારો તથા તસ્વીરો જોતા આ વખતના આ કુદરતી પ્રકોપનો અંદાજ આવી શકે છે. ઉતરાંખડ ઉપરાંત હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં પણ પૂર આવ્યા હતા, જેના કારણે અસંખ્ય પ્રવાસીઓ અટવાયા અને જાનમાલનું નુકશાન થયું. શિવધામ ગણાતા ઉતરાખંડમાં જયાં ગંગા શિવનાં ચરણ પંખાળતી હતી ત્યાં જ તેણે મર્યાદા છોડી વિનાશલીલા આરંભી. કુદરતે પાણીની એક એવી છાલક મારી કે જળસ્થળની સ્થિતિ બદલાઈ ગઈ. મેઘ તાંડવે કેદારનાથને નકશામાથી ભૂંસી નાખ્યું. ચારધામમાં સૌથી વધુ કઠિન યાત્રા કેદારનાથની ગણાય છે. અહી ગૌરીકુંડ સુધી વાહનો જઈ શકે છે. ત્યાંથી ૧૪ કિ.મી નું ચઢાણ પગપાળા, ઘોડાપર કે ડોલીમાં બેસીને જવું પડે છે. ચારેય ધામમાં કેદારનાથ સૌથી વધુ ઉંચાઈ ૧૧,૮૧૭ ફૂટ આવેલું છે. અહીં સખત ઠંડી હોય છે અને ઉંચાઈ ના કારણે હવા પાતળી હોય છે.દમના અને હદયરોગના દર્દીઓ માટે આ સ્થળ જોખમી હોવા છતા દર વર્ષ લાખો લોકો અહીયાં આવે છે. બાર જયોતિંર્લીંગ પૈકીનું એક કેદારનાથ છે. તારાજીની અસર સ્થાનિકો તેમજ ચારધામના યાત્રીઓ પર પડી છે. યાત્રિકો સંપર્ક વિહોણા બન્યા.

હવે કેદારનાથ યાત્રા ફરીથી શરૂ કરવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષનો સમયગાળો લાગી શકે છે. અંશતઃનુકસાન સાથે કેદારનાથ મંદિર સિવાય તમામ વિસ્તારો નાશ યામ્યા છે.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**મનુષ્યના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોનુ પ્રગટીકરણ એટલે કેળવણી.**

**Tragedy**

Bill Clinton is visiting a school. In one class, he asks the students if anyone could give him an example of a "tragedy."

One little boy stands up and offers "If my best friend who lives next door was playing in the street when a car came along and killed him, that would be a tragedy."

"No," Clinton says, "that would be an ACCIDENT."

A girl raises her hand. "If a school bus carrying fifty children drove off cliff, killing everyone involved ... that would be a tragedy."

"I'm afraid not," explains Clinton.

"That is what we would call a GREAT LOSS."

The room is silent; none of the other children volunteer.

"What ?" asks Clinton, "Isn't there anyone who can give an example of a tragedy?"

Finally a boy in the back raises his hand. In a timid voice, he says: "If an airplane carrying Bill and Hillary Clinton were blown up by a bomb, THAT would be a tragedy."

"Wonderful! " Clinton beams. "Marvelous! And can you tell me WHY that would be a tragedy?"

"Well ," says the boy, " because it wouldn t be an accident and it certainly wouldn't be a great loss!"

**Anyone**

Caller: Hello, can I speak to Annie Wan ?

Operator: Yes, you can speak to me.

Caller: No, I want to speak to Annie Wan!

Operator: Yes I understand you want to speak to anyone. You can speak to me. Who is this?

Caller: I'm Sam Wan. And I need to talk to Annie Wan! It's urgent.

Operator: I know you are someone and you want to talk to anyone! But what's this urgent matter about?

Caller: Well… just tell my sister Annie Wan that our brother Noe Wan was involved in an accident. Noe Wan got injured and now Noe Wan is being sent to the hospital. Right now, Avery Wan is on his way to the hospital.

Operator: Look, if no one was injured and no one was sent to the hospital, then the accident isn't an urgent matter! You may find this hilarious but I don't have time for this!

Caller: You are so rude! Who are you?

Operator: I'm Saw Ree.

Caller: Yes! You should be sorry. Now give me your name!

Operator: That's what I said. I'm Saw Ree…

Caller: Oh… God!!

**પ્રાર્થના ઈશ્વરનો મોબાઈલ નંબર છે, નેટવર્કમા રહો તો રીંગ વાગે જ.**

## માણસ પોતે જ પોતાનું ભાગ્ય ઘડે છે

માણસ પોતે જ પોતાના ભાગ્યનો ઘડવૈયો છે. મુશ્કેલી અને દુ:ખોનો બહાદુરી પૂર્વક સામનો કરનાર પુરૂષાર્થીઓ અને સાહસિક વ્યકિતઓ સમક્ષ વિપરિત પરિસ્થિતિઓ અને મુશ્કેલીઓ હાર માની લે છે. તેમનો આગળ વધવાનો રસ્તો સરળ બની જાય છે. સફળતા એના પગ ચૂમે છે. યશ, માન અને સમૃદ્ધિ એમની પાછળ ચાલે છે. સંકટો એમને નક્કી કરેલા માર્ગ પરથી ડગાવી શકતાં નથી. તે પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે આંધી, તોફાન અને જંઝાવાતોને પછાડી આગળ વધે છે. દરેક મંજિલ તેની આવનાર સફળતા અને એમની આશાને બમણી કરી દે છે. આવી વ્યકિતઓ એમના જીવનમાં આનંદ, સફળતા અને વિજયના ભાગીદાર બને છે. કેટલાક લોકો અસફળતાને ભાગ્યની ક્રુરતા અને દેવની નારાજગી માનીને ભાગ્યના ભરોંસે રહે છે. એક બાજુ પુરૂષાર્થી માણસો છે, જે પોતાના ભવિષ્યનું ઘડતર પોતાની મહેનત અને પરિશ્રમ દ્વારા કરે છે. પરંતુ જેને પોતાનામાં વિશ્વાસ નથી, તેમનું મન ઉત્સાહી નથી, જેમને પોતાના લક્ષ્યનું ભાન નથી, આગળ વધવાની ઈચ્છા નથી, નિરાશા જેમની રગેરગમાં સમાયેલી છે એવી અકર્મણ્ય વ્યકિતઓ જીવતી છતાં મરેલા જેવી નિષ્પ્રાણ છે અને જીવનનો ભાર ખેંચતી રહે છે. મહેનત અને વિશ્વાસથી પોતાનું ભાગ્ય ઘડી શકાય છે.

## જાણવા જેવુ........

- ❖ માણસની આંખ ૧૭૦૦૦ જેટલા અલગ અલગ રંગોને ઓળખી શકે છે.
- ❖ અંગ્રેજી ભાષામાં E સૌથી વધુ વખત અને Q સૌથી ઓછી વખત વપરાય છે.
- ❖ જન્મથી જ અંધ હોય તેને સ્વપ્નમાં દ્રશ્યોને બદલે અવાજ જ આવે છે.
- ❖ ગોકળગાય બ્લેડ કે તલવારની ધાર પર ઈજા પામ્યા વગર ચાલી શકે છે!
- ❖ તિબેટમાં જીભ બહાર કાઢીને મહેમાનોનુ સ્વાગત કરવામાં આવે છે!
- ❖ એલ્બેટ્રોસ નામનુ પંખી એક પણ વખત પાંખો ફફડાવ્યા વિના આખો દિવસ ઉડી શકે છે.
- ❖ એવરેસ્ટથી પણ ૧૦૦૪૩ મીટર ઉંચો પર્વત મોનોકોઆ સમુદ્રમાં આવેલો છે.
- ❖ સુર્ય પૃથ્વીથી ૩,૩૦,૦૦૦ ગણો ભારે છે.
- ❖ ઉંદર ઉંટ કરતા પણ વધુ દિવસો સુધી પાણી વગર ચલાવી શકે છે.
- ❖ લીલુ સોનુ ગણાતા લીમડાના એક વૃક્ષમાંથી દર વર્ષે લગભગ ૩૦ થી ૫૦ કિલો ગ્રામ લીબોળી પ્રાપ્ત થાય છે.
- ❖ હોલી નામનુ પક્ષી પોતાના બચ્ચાને ગળામાથી દુધ આપે છે.
- ❖ સાપને કાન નથી માત્ર આંખો છે. પરંતુ બે ફાંટાવાળી જીભ વડે જ આસપાસની વસ્તુની જાણકારી મેળવે છે.

**સુખ દુ:ખ એ તો જીવનની ઘટમાળ છે. સુખમાં છકે નહી અને દુ:ખમાં ડગે નહી એ મહામાનવ.**

## ઓન કેમ્પસ ખેડુત તાલીમ

દરિયાઈ વિસ્તારમાં ખારાશને લીધે ખેડુતો જમીનમાંથી વધુ ઉત્પાદન મેળવી શકતા નથી. આથી આ વિસ્તારની જમીનમાં ખારાશ અટકે તેવા પગલા તથા ખારાશ નિયંત્રણ સાથે જમીનમાં કેવા પાક લઈ વધુ ઉત્પાદન મેળવી શકાય તે માટે પ્રયાસો ચાલી રહયા છે. જેમાં જમીન નવસાધ્ય અને વિવિધ પાક વૃધ્ધિ પ્રયોગો પર ખેતીમાં શરૂઆતથી લઈ અંત સુધી વૈજ્ઞાનિક ભલામણ મુજબની ખેતી પધ્ધતીના પ્રમોશન માટે ખેડુતોને પધ્ધતિસરની વૈજ્ઞાનિક ખેતીની તથા નવી ટેકનોલોજીની માહીતી મળી રહે તે માટે ખરીફ પાક માટે પ્રેકટીસ ઓફ પ્રેકટાઈસીસ પર તારીખઃ ૨૧,૨૨ જુન, ૨૦૧૩ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે) કોડીનાર ખાતે બે દિવસીય તાલીમ યોજાઈ હતી. જેમાં ઉના અને જાફરાબાદ તાલુકાના ૩૫ લાભાર્થીઓએ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતુ.

આ બે દિવસીય તાલીમમાં શ્રી ડો. રાજાવત, શ્રી ડો.રમેશ રાઠોડ, શ્રી ડો. અંશુમન રાઠોડ તથા શ્રી ડો. જીતેન્દ્રસિંહ ચૌહાણ વગેરે કેવીકે કોડીનારના નિષ્ણાતો તેમજ શ્રી સુરેશ ગોહિલ, શ્રી અશોક શેલાર, શ્રી કૌશિક પંડયા, શ્રી વિપુલ સુહાગીયા, શ્રી ભુપત વરુ વિ. કાર્યકરો સંસ્થા તરફથી આ તાલીમમાં જોડાયા હતા. તેઓએ ખેડુતોને મુખ્યત્વે કપાસ અન મગફળીના પાકની ખેતી પધ્ધતિ, તેમા આવતી જીવાતો અને રોગોનાં નિયંત્રણ, જમીનની ચકાસણી, ખાતરની ગણતરી, તેમજ પશુપાલન વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

**મગફળી**

મગફળી વાવતા પહેલા ૧૦–૧૨ કલાક અગાઉ મગફળીને ડાયથેન–૪૫ દવાનો પટ્ટ આપ્યા પછી વાવેતર કરવુ જોઈએ મગફળીમાં સુકારો અને ઉગસુક નો રોગ કાળી ફુગથી લાગે છે. તેના નિયંત્રણ માટે ડાયથેન–૪૫ નામની દવાનો છંટકાવ કરવો. જયારે સુકારો સફેદ ફુગથી થાય છે. આ રોગના નિયંત્રણ માટે મગફળી વાવતા પહેલા ચાંસમાં ટ્રાઈકોડર્મા નામની દવાનો છંટકાવ કરવો જેથી સફેદ ફુગ સામે નિયંત્રણ લાવી શકાય.

**કપાસ**

કપાસના વાવેતર માટે સારી જાત પસંદ કરવી. વાવેતર બાદ છોડ ઉગ્યા પછી સાર સંભાળ રાખવી જેમકે પારવણી કરવી,ખાલા પુરવા સમયસર નિંદામણ કરવુ. કપાસમાં રોગો અને જીવાતો વધુ જોવા મળે છે તેથી સંકલીત જીવાત નિયત્રણ પધ્ધતી અપનાવવી જેવી કે.. ૧. ફેરોમેન ટ્રેપ, ૨. પીંજર પાકની વાવણી, ૩. યાંત્રિક નિયંત્રણ, ૪. એન.પી.વી નો ઉપયોગ, ૫.સલામત જંતુનાશક દવાનો ઉપયોગ વગેરે સંકલીત જીવાત નિયંત્રણ પધ્ધતી અપનાવવી જેથી કપાસમાં સારુ

ઉત્પાદન લઈ શકાય.

**જમીન અને પાણીની ચકાસણી કરવી**

જમીનનો નમુનો લેવા માટે જમીન પરથી ઘાસ દુર કરીને કોદાળીથી ૬ થી ૯ ઈંચ ઉંડો ખાડો કરવો. ખાડાની એક બાજુએથી ૨ થી ૨.૫ સે.મી. જેટલી એક સરખી જાડાઈના થરની



ઉપરથી નીચે સુધી માટી એકઠી કરવી. આમ ૧૦ થી ૧૨ સ્થળેથી નમુનો લઈ બધી માટીને ભેગી કરી સરખી રીતે મિશ્રણ કરવું, ત્યાર બાદ માટીને એક સરખી પાથરી ચાર ભાગ પાડવા. તેમાથી સામેના બે ભાગની માટી કાપડની થેલીમાં ભરી નમુના માટે મોકલવી.

પાણીની ચકાસણી માટે ૪૦૦ થી ૫૦૦ મીલી પાણી જે પાણી ખેતીના વપરાશમાં લેવાતુ હોય તે પાણીનો નમુનો પ્રયોગશાળામાં મોકલવો.

**ખાતરની ગણતરી**

રાસાયણીક ખાતર વૈજ્ઞાનીક ખેતી માટે ગણતરી કરવામાં આવે છે. ખાતરની થેલી ઉપર ટકાવારી હોય છે તેના અડધા ટકાનુ માપ કરી હેકટર દીઠ ઉપયોગ કરી શકાય છે. દા.ત. યુરિયા ખાતરમાં ૪૬ ટકા નાઈટ્રોજન હોય છે યુનિ.ની ભલામણ જો ૫૦ કિલોની હોય તો બે થેલી યુરિયા ખાતર આપવુ.

*બીજાની સફળતા માટે એટલા જ ઉત્સાહી રહો જેટલા તમારી સફળતા માટે રહો છો.*

**વરસાદ**

આ વર્ષે સમય કરતા થોડો વહેલો વરસાદ શરુ થયો ગત વર્ષે લગભગ દુષ્કાળ જેવી પરિસ્થતિનો સૌરાષ્ટ્રના લોકોએ સામનો કર્યો જેથી આ વખતના વહેલા વરસાદથી લોકોમાં ખુબ જ ઉત્સાહ જોવા મળ્યો તો મને આજે વાંચકો સમક્ષ એક સંકલિત માહિતી મુકવાનું મન થાય છે જે નીચે મુજબ છે.

**વરસાદના પ્રકારો :–**

**૧. ફરફર :** માત્ર રૂવાડા ભીના થાય એવો વરસાદ.

**૨. છાંટા :** ફરફર કરતા વધુ પણ પ્રમાણમા ઓછો વરસાદ.

**૩. ફોરા :** છાંટા કરતા વધારે, જમીન પર પડતું ટીપું એકાદ ઈંચ જગ્યાને પલાળે એવો વરસાદ.

**૪. કરા :** ફોરા કરતા મોટા ટીપાં જે બરફ રૂપે વરસે.

**૫. પછેડી વાઃ** પછેડી હોય તો રક્ષણ મળે તેવો વરસાદ.

**૬. નેવાંધારઃ** ઘરના નળિયા સંતુપ્ત થઈ જાય પછી ટપકવા માંડે એવો વરસાદ.

**૭. મોલ મે :** ખેતરમાં પાકને જીવનદાન મળે એટલો વરસાદ.

**૮. અનરાધાર :** છાંટા કે ફોરા એકબીજાને અડી જાય જાણે ધાર પડતી લાગે એવો વરસાદ.

**૯. મુશળધાર કે સુપડાધાર :** બે ચાર ધારા ભેગી થઈને એકધારી વરસતી રહે તેવો વરસાદ. જાણે સુપડામાંથી પાણી પડતું લાગે.

**૧૦. ઢેફા ભાંગ :** ખેડેલા ખેતરોની માટીના ઢેફાને ભાંગે એવો વરસાદ આને વાવણી જોગ પણ કહેવાય.

**૧૧. પાણ મે :** ખેતરના કયારાઓ પાણીથી ભરાઈ જાય. પાણી જમીનમાં ઉતરે કૂવાની સપાટી ઉંચી આવે.

**૧૨. હેલી :** આ ૧૧ પ્રકારના વરસાદનું મિશ્રણ વરસ્યા કરે. અઠવાડિયા સુધી કોઈપણ પ્રકારનો વરસાદ ચાલુ રહે તેને હેલી વરસી એંવુ કહેવાય છે.

આ બારે પ્રકારના મેઘ એક સામટા વરસે ત્યારે કહેવાય કે **બારે મેઘ ખાંગા** થયા.

વર્ષાઋતુ એટલે જીવનાધાર ઋતુ. તે સકળ સૃષ્ટિની તારણહાર છે. ગુજરાતની ધરા પર સાગરના પટ છોડી વાદળો સુકી ધરાને ભીંજવવા આવી પહોંચ્યા છે અને આ ખુશાલીના માહોલમાં, પશુ પંખીને જગતના તાત સાથે આર્થિક ક્ષેત્રના નિષ્ણાતો પણ વરસાદનુ મુલ્ય જાણે છે. કોઈ પણ દેશનુ અર્થતંત્ર સારા ચોમાસા પર જ નિર્ભર છે.

***તિખારો :–*** *તમે તમારી જવાબદારી સ્વીકારો તેનાથી ભાગો નહિં પછી તે નિષ્ફળતાની ભલે હોય.*

**શિક્ષણ અને સંસ્કાર જીવનરથનાં બે પૈંડા છે, માટે સંસ્કાર વિનાનું શિક્ષણ તેલ વિનાના દિપક સમાન છે.**

## મેનેજમેન્ટ અબ્દુલ કલામ પાસેથી

ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ છે. તેમની અનોખી કાર્ય પધ્ધતિને કારણે તેઓએ દેશ વિદેશમાં ખૂબ ખ્યાતિ મેળવી છે. તેઓ ભારતમાં મિસાઈલ મેન તરીકે ઓળખાય છે. ૨૨ મી માર્ચ ૨૦૦૮ ના રોજ અમેરિકાના ફિલાડેલ્ફીયા શહેરમાં વ્હાર્ટન ઈકોનોમિક ફોરમનો એક સમારંભ યોજાયો હતો. તેમાં ઉપસ્થિત મહાન વિજ્ઞાની અને આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામને કોઈએ પૂછયુઃ તમારા અનુભવના આધારે તમે કોઈ એવું દ્રષ્ટાંત આપશો કે નિષ્ફળતા મળે ત્યારે લીડરે કેવી રીતે વર્તવું જોઈએ?

**ડૉ.કલામનો જવાબ એમના જ શબ્દોમાંઃ**

ભારતના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SLV-3) પ્રોગ્રામનો હું નો પ્રોજેકટ ડાયરેકટર બન્યો. ૧૯૮૦ સુધીમાં રોહિણી ઉપગ્રહને અંતરિક્ષમાં તરતો મુકવાના ધ્યેયમાં અમે હજારો લોકો સંકળાયેલા હતા.ઓગસ્ટ ૧૯૭૯ માં અમારી તૈયારી થઈ ગઈ હતી. ઉપગ્રહ છોડવા અમે કંટ્રોલ મથકમાં ભેગા થયા. ઉપગ્રહ છોડવાની ચાર મિનીટ પહેલા કોમ્પ્યુટરે ગણતરી શરૂ કરી પણ એક જ મીનીટમાં કોઈ જગ્યાએ ગરબડ હોવાનો કમ્પ્યુટરે સંકેત આપ્યો. જો કે નિષ્ણાંતોની મેન્યુઅલ ગણતરી પ્રમાણે બધું બરાબર હતું. આથી રોકેટ છોડયું. પરંતુ બહુ જલ્દી ઉપગ્રહ અંતરીક્ષમાં જવાને બદલે રોકેટ સહીત બંગાળના ઉપસાગરમાં જઈ પડયા. ભારે નિષ્ફળતા મળી. એજ સમયે ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન પ્રો. સતીષ ધવને એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. ઈસરોની સેટેલાઈટ લોન્ચ રેંજ શ્રીહરિકોટા ખાતે દુનિયાભરના પત્રકારો હાજર હતા. સંસ્થાના લીડર પ્રો. ધવને જાતે પ્રેસ કોન્ફરન્સ સાંભળી અને નિષ્ફળતા માટે એમને જવાબદારી લીધી. એમણે કહયું કે વિજ્ઞાનીઓની ટીમે બહુ મહેનત કરી હતી, પરંતુ હજુ વધારે ટેકનીકલ સપોર્ટની જરૂર હતી. આમ જુઓ તો હું પ્રોજેકટ ડાયરેકટર હતો, નિષ્ફળતા મળી હતી, છતાં સંસ્થાના ચેરમેન તરીકે એમણે જવાદારી સ્વીકારી.

જુલાઈ, ૧૯૮૨ માં અમે ફરી પ્રયત્ન કર્યો. ઉપગ્રહ તરતો મુકવામાં અમને સફળતા મળી. આખા દેશમાં ખુશીનું મોજું છવાઈ ગયું. પ્રો. ધવને મને એક બાજુ બોલાવીને કહયુંઃ આજની આ પ્રેસ કોન્ફરન્સ તમે સંભાળો. એ દિવસે મને ખુબ જ અગત્યનો બોધપાઠ શીખવા મળ્યો. નિષ્ફળતા મળી ત્યારે સંસ્થાના લીડરે એની જવાબદારી પોતાના માથે લીધી અને જયારે સફળતા મળી ત્યારે એનો યશ એમણે ટીમને આપ્યો. મેનેજમેન્ટનો આ શ્રેષ્ઠ બોધપાઠ મને કોઈ પુસ્તક વાંચીને નહિ, પરંતુ આ અનુભવમાંથી શીખવા મળ્યો છે.

***બીજા સાથે એવી જ ઉદારતા રાખો જેવી ઈશ્વરે તમારી સાથે રાખી છે.***

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1. | Bharat Chauhan | 08-07-1989 |
| 2. | Gopal Ondhiya | 03-07-1988 |
| 3. | Hanif Ghardera | 06-07-1990 |
| 4. | Hardik Vagadiya | 20-07-1985 |
| 5. | Jalpa Dholakiya | 01-07-1981 |
| 6. | Shital Gadhiya | 02-07-1981 |

**Engage on this month**

29-17 Counsellor training on TISS Mumbai participated by Parul Mahida

1 Team meeting at Amreli.

7 Meeting about school verification and PWDVA study attended by Ashok Shelar.

12 Palm plantation training at Bhatiya, participated by Suresh Gohil.

18 Saurashtra Kachh region meeting of Sajjata Sangh at Sayala.

20 Study on Avirat Company at Khambha and Amreli office visit by Bhimsi Ahir through CSPC.

21-22 On campus training for POP at KVK Kodinar.

25 Visit for information about cattle development centre at Valia (Bharuch)

27-28 Training on Disaster management at Ahmedabad

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જગતમાં બધે જ સૌંદર્ય છે પરંતુ એ સૌદર્યને નિહાળવા માટે પ્રેમ ભીના ચક્ષુ જોઈએ.**